વિકલાંગ (દિવ્યાંગ) વિધવા બહેનોને મકાન સહાય આપવાની યોજના બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૪૯૮૬૫૬/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૦૧/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૧/૦૩/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૦૭/ન.બા.૨૦/છ.૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૧/૦૩/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૦૭/ન.બા.૨૧/છ.૧.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૧/૦૩/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૦૭/ન.બા.૨૨/છ.૧.

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૩૦/૦૬/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:-પરચ/૧૦૨૦૦૯/૮૧૯/લ.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૧૩/૦૯/૨૦૧૯નો પત્ર નં. અપગ/વિકલાંગ મકાન સહાય/૧૯-૨૦/૪૦૭.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૩) પરના તા.૩૧/૦૩/૨૦૦૮ના ઠરાવોથી વિકલાંગ વિધવા બહેનોને મકાન સહાય આપવાની યોજના અમલમાં છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના તા.૩૧/૦૩/૨૦૦૮ના ઠરાવથી વિકલાંગ બહેનોને મકાન સહાય આપવાની યોજનામાં જુદા જુદા વિભાગની આવાસ યોજનાઓ માટે સુધારેલી યુનિટ કોસ્ટ નક્કી કરવામાં આવેલ છે જે મુજબ હાલમાં રાજ્ય સરકારની સહાય રૂ.૪૫,૦૦૦/- + ટોયલેટ બ્લોક રૂ.૨૨૦૦/- મળી રૂ.૪૭૨૦૦/- સહાય આપવામાં આવે છે.

ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૭માં દિવ્યાંગ વ્યક્તિઓ માટે રાજ્ય સરકારની તમામ વિકાસલક્ષી યોજનાઓમાં ૫% અનામતની જોગવાઇ સૂચવેલ છે જે મુજબ રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા આ પ્રકારની આવાસ યોજનાઓ અમલમાં મુકવાની રહે છે. જેમાં દિવ્યાંગ વ્યક્તિઓનો પણ જાતિ આધારિત આવાસ યોજનામાં સમાવેશ થઈ જાય છે તેમજ આ યોજનાની જોગવાઇ મુજબ વિકલાંગ હોય અને વિધવા હોય એવા લાભાર્થી ખૂબ જ ઓછા મળતા હોઈ

[પાછળ]

આ યોજનામાં છેલ્લા પાંચ વર્ષમાં યોજનાની જોગવાઇ સામે થયેલ ખર્ચ ખુબ જ ઓછો છે જેથી આ યોજનાનો અસરકારક અમલ કરી શકાયો ન હોઈ વિકલાંગ (દિવ્યાંગ) વિધવા બહેનોને મકાન સહાય આપવાની યોજના બંધ કરવાની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા ક્રમાંક (૫) પરના તા.૧૩/૦૯/૨૦૧૯ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા ક્રમાંક (૫) પરના તા.૧૩/૦૯/૨૦૧૯ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગ (દિવ્યાંગ) વિધવા બહેનોને મકાન સહાય આપવાની યોજના બંધ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

જે લાભાર્થી બહેનોને આ યોજના અંતર્ગત અરજી મંજૂર કરવામાં આવેલ હોય અને સહાય ચુકવવાની બાકી હોય, તેઓને નિયમાનુસાર યોજનાની તમામ સહાય ચુકવવાની રહશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર ના.વિ.ની તા.૨૧/૧૨/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ.શ્રીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.